**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૫ ટકા

### એક જ દિવસે આગની બે ઘટનાઓ

# ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટની કેન્ટીનમાં આગ

## સે-૧૭ વન વિભાગની ઝાડીઓમાં આગ લાગી : બંને ઘટનામાં સદ્‌ભાગ્યે કોઈ જાનહાની નહી



ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસે આગના બે બનાવો બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. ઈન્ફોસીટી રોડ પર આવેલી ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટની કેન્ટીનમાં બપોરે આગ લાગતા વિદ્યાર્થીઓમાં અને કેન્ટીનના સ્ટાફમાં નાસભાગ મચી ગઈ હતી. તો બીજી તરફ સેકટર-૧૭ ખાતે વનવિભાગની ઝાડીઓમાં કચરો સળગાવતા આગ પ્રસરી હતી. ગાંધીનગર ફારબ્રિગેડની ટીમે આગને કાબુમાં લીધી હતી. સદભાગ્યે આ બંને આગ દુર્ઘટનામાં કોઈ જાનહાની કે મોટી માલહાની થવા પામી ન હતી.

મળતી વિગત મુજબ ઈન્ફોસીટી રોડ પર આવેલા ડીએઆઈઆઈસીટી (ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ)ની કેન્ટીનમાં આજે બપોરના સુમારે અચાનક કોઈ કારણોસર આગ ભભુકી ઉઠી હતી. કેન્ટીનની ચીમનીમાંથી આગ શરુ થતા જ વિદ્યાર્થીઓ અને કેન્ટીનના સ્ટાફમાં દોડધામ થઈ ગઈ હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ કરાતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની કે મોટું નુકશાન થવા પામ્યું ન હતું તો બીજી તરફ બપોરે સે-૧૭ વનવિભાગની ઝાડીઓમાં આગ પ્રસરી હતી જાહેરમાં કચરો ન સળગાવવાનું નોટીફીકેશન હોવા છતાં હજુ પણ કેટલાક આળસુ અને બેજવાબદાર સફાઈ કર્મીઓ કચરો સળગાવે છે. કયારેક આ બાબત મોટું સ્વરૂપ ધારણ કરે તો નવાઈ નહીં. આજે સે-૧૭ની ઝાડીઓમાં આવી રીતે જ આગ પ્રસરી હતી અને ફાયરબ્રિગેડે આગ કાબુમાં લીધી હતી.



સે-૧૭ વનવિભાગની ઝાડી

# રાયપુર કેનાલમાં કુદેલા યુવાનનો લીંબડીયા કેનાલમાંથી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલ બહાર મોબાઈલ મુકીને ઓઢવના એક યુવાને બે દિવસ અગાઉ પડતુ મુકી દીધું હતું. બે દિવસથી યુવાનની કેનાલમાં શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે બપોરે યુવાનનો મૃતદેહ તણાતો તણાતો લીંબડીયા નર્મદા કેનાલમાં આવી ગયો હતો. ડભોડા પોલિસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવાને કરેલા આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ તેજ બનાવી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના ઓઢવ ખાતે નિકોલ રોડ ઉપર આવેલા જનતાનગરમાં રહેતો ૨૭ વર્ષીય યુવાન મહેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પરમાર બે દિવસ પહેલા ડભોડા પાસેના રાયપુર નર્મદા કેનાલ પાસે આવી પહોંચ્યો હતો. પોતાનો મોબાઈલ કેનાલ પાસે મુકીને યુવાને કેનાલમાં છલાંગ લગાવી દીધી હતી. આ યુવાનની શોધખોળ કેનાલમાં બે દિવસથી બહિયલનાં તરવૈયાઓની મદદથી ચાલી રહી હતી પરંતુ તેનો કોઈ પત્તો લાગતો ન હતો. દરમિયાન આજે બપોરે લીંબડીયા નર્મદા કેનાલમાંથી મહેન્દ્રભાઈ પરમારનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતના રહસ્ય પરથી પડદો હટાવવા પ્રયત્નો શરુ કર્યા છે. મૃતક મહેન્દ્રભાઈ પરિણીત હોવાનું અને એક વર્ષના બાળકનો પિતા હોવાનું જાણવા મળ્યું છે. ડભોડા પોલિસે ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.



ગાંધીનગર શહેરના પ્રખ્યાત સેકટર-૨૮ ગાર્ડનની સામેની બાજુએ છેલ્લા કેટલાક દિવસોથી ખુલ્લી ગટર જોવા મળી રહી છે. આ ગટર ખુલ્લી હોવાથી વાહન ચાલકો તેમજ ગાર્ડનમાં આવતા પર્યટકોને વિશેષ ધ્યાન રાખવુ પડે છે. ગટરને ઢાંકવા માટે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવામાં આવી છતા તંત્રના બહેરા કાને નાગરીકોની રજુઆત સંભળાતી નથી. જયારે ગટર ઉંડી હોવાથી રાત્રીના સમયે કોઈ રાહદારી અંદર પડી જાય તો શરીરે ઈજા પહોંચી શકે છે, તો બીજી તરફ ગાર્ડનમાં ફરવા આવતા કેટલાક નાગરીકોના વાહનો પણ ફસાઈ જવાના કિસ્સા બનવા પામ્યા છે. પર્યટકોને તેમજ વેપારીઓને સાવચેતી પૂર્વક પોતાના વાહનો પાર્ક કરવા પડે છે. ખુલ્લી ગટર કોઈના માટે આફતરુપ સમાન સાબિત થાય તે પહેલા ઢાંકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# આજે સે-૨૧ શ્રી સિધ્ધિ વિનાયક મંદિર ખાતે મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે આવેલ મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર સંચાલિત શ્રી સિધ્ધિ વિનાયક મંદિરમાં તા.૫ માર્ચને સોમવારના રોજ ફાગણવદ -૪ના મંગલમય દિને સંકટ ચતુર્થિ ના શુભ અવસરે ગુજરાતની સંસ્કારી નગરી એવા ગાંધીનગર શહેરના સર્વે ભાવિક ભકતો માટે સર્વ પ્રથમ સિધ્ધિ વિનાયક મંદિર ખાતે સાંજે ૭ કલાકે શ્રી ગણપતિદાદાની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સર્વ ભાવિક ભકતોએ મહાઆરતી તેમજ દર્શનનો લાભ લેવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.




ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા મગોડી ખાતે આવેલ રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલો સાથે હોળી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભોજન પ્રસાદની વ્યવસ્થા લાયોનસ કલબના સભ્યો દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે લાયોનેસ કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડા ચોકડી પર શૌચાલય બનાવવા નાગરિકોની માંગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચિલોડા ચાર રસ્તા પર શૌચાલય જ નથી. શૌચાલય ન હોવાથી મુસાફરોને તેમજ નાગરીકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. ચિલોડા ચાર રસ્તાથી રાજસ્થાન તરફનો ટ્રાફિક વધુ હોવાથી લાંબી મુસાફરી થતી હોય છે. લાંબી મુસાફરી બાદ બસ કે ખાનગી વાહનમાંથી ઉતરતા મુસાફરોને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. સરકારી તંત્ર દ્વારા જાહેરમાં શૌચક્રિયા કરવી નહી તેવી જાહેરાતો કરે છે ત્યારે જે સ્થળ પરથી રોજના હજ્જારો મુસાફરો આવન જાવન કરે છે, તે સ્થળ પર જ જાહેર શૌચાલય ના હોવાથી મહિલા મુસાફરોની હાલત કફોડી બની જવા પામે છે.

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા ચાર રસ્તા પરથી રોજના હજ્જારો મુસાફરો આવન જાવન કરે છે. અંબાજી, રાજસ્થાન અનો સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોનો ટ્રાફિક વધુ હોય છે. બસ ઉપરાંત ખાનગી વાહનોમાં મુસાફરી કરવાનો વારો આવે છે. ચિલોડા જંકશન પરથી રોજના હજ્જારો મુસાફરો વિવિધ સ્થળો પર આવન-જાવન કરે છે. જયારે સૌથી વધુ ચિલોડાથી મોટાભાગે રાજસ્થાન તરફનો વાહન વ્યવહાર વધુ હોવાથી લાંબી મુસાફરી કરીને ઉતરતા મુસાફરો શૌચાલયની શોધખોળ કરે છે. પરંતુ ચિલોડા ચાર રસ્તા પર કયાય શૌચાલય ન હોવાથી સ્થાનિક વેપારીઓ, મુસાફરો સહિત નાગરીકોને ભારે અગવડતાનો સામનો કરવો પડે છે. ચિલોડા ચાર રસ્તા પર જાહેર શૌચાલય બનાવવા માટે તંત્ર સમક્ષ વારંવાર રજુઆત કરવામાં આવી હોવા છતા તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. જયાંથી રોજના હજ્જારો મુસાફરો આવન જાવન કરે છે. તે સ્થળ પર તંત્ર દ્વારા શૌચાલય ન હોવાથી મુસાફરોની હાલત કફોડી બની જવા પામે છે. ત્યારે ચિલોડા ચાર રસ્તા પર શૌચાલય બનાવવા માટે લોકમાંગ પ્રબળ ઉઠવા પામી છે.

# બાળકની જીવન પ્રત્યે આસ્થા ટકાવી રાખતી હેલ્પલાઈન બનો

## બોર્ડની પરીક્ષાઓ આવે એટલે ‘જીવન આસ્થા’ હેલ્પલાઈનમાં કોલ્સની સંખ્યા ત્રણ ગણી થઈ જાય છે : આત્મહત્યા કરવા સુધી પ્રેરાતા બાળકોને અટકાવવા સમાજે ચિંતા કરવી જરૂરી બન્યું છે




ગાંધીનગર, તા.૪

ફરી એકવાર દસમા-બારમાના બોર્ડની પરીક્ષાઓ આવી પહોંચી છે અને પોલિસ તંત્ર દ્વારા ફરી એકવાર ‘જીવન આસ્થા’ હેલ્પલાઈન શરુ કર્યાની જાહેરાત પણ કરી દેવાઈ છે. સંસ્કાર અને પરિવારભાવના માત્ર જાણે આપણી સંસ્કૃતિમાં જ બચી હોય તવી રીતે સોશ્યય મિડીયા પરના સંદેશા વાંચી તેને ‘ફોરવર્ડ’ કરી છાતી ફુલાવતા આપણા સમાજમાં બાળકો અને કિશોર વયમાં આત્મહત્યા કરવાના બનાવો વધતા જાય છે. આટલી કુમળી વયે બાળકો જીવન પ્રત્યે ‘આસ્થા’ ગુમાવી દે તેવી પરિસ્થિતિનું નિર્માણ કયા કારણોથી થઈ રહ્યું છે અને તેનો યોગ્ય ઉપાય શું હોઈ શકે તે વિચારવાનો સમય પાકી નથી ગયો બલ્કે હાથમાંથી સરી રહ્યો છે. જો સમયસર આ અંગે મા-બાપ જાગૃત નહીં બને તો તેના દુ:ખદ પરિણામો ભોગવવા પડશે તેમાં બે મત નથી.

બોર્ડની પરીક્ષાની હૉલ ટિકીટ પર પણ ‘જીવન આસ્થા’ હેલ્પલાઈનનો નંબર છાપવો પડે તેટલી સ્થિતિ એ તો આપણે પહોંચી ગયા છીએ. જીવન આસ્થા હેલ્પલાઈન ચાલુ કરવા સાથે પોલિસ તંત્રએ તારણ પણ આપ્યું છે જે મુજબ આ હેલ્પલાઈન પર મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ દ્વારા મદદ માટેના કૉલ આવે છે તેમાં પણ ખાસ કરીને પરીક્ષા નજીક આવતા પરીણામની ચિંતાને લીધે યાદ નથી રહેતું અથવા તો માતા-પિતાની અપેક્ષાના દબાણમાં તાણ અનુભવતા હોય અથવા તો ૩ કલાકના સમયગાળામાં કઈ રીતે પેપર પુરું લખી શકાય તે માટે માર્ગદર્શન માંગતા કૉલ આવે છે. ગાંધીનગર પોલિસે જણાવ્યું છે કે જીવન આસ્થા હેલ્પલાઈન બે વર્ષથી આત્મહત્યા અટકાવવા તથા માનસિક તાણ અનુભવતી વ્યકિતઓ માટે કાઉન્સેલીંગ કરે છે જે માટે સામાન્ય દિવસોમાં પણ દિવસના ૫૦ જેટલા કૉલ્સ સરેરાશ આવે છે. હાલમાં બોર્ડની પરીક્ષાઓના લીધે આ કૉલ્સની સંખ્યા વધીને છેલ્લા ૧૦ દિવસમાં સરેરાશ ૧૫૦થી ૨૦૦ કૉલ્સ સુધી પહોંચી જવા પામી છે. આમ પણ માત્ર બાળકોની વાત છોડીને સમગ્ર સમાજની વાત કરીએ તો એકલા ગાંધીનગરમાં વર્ષે દહાડે અંદાજે ૩૫૦થી વધુ આત્મહત્યાના બનવો બને છે, મતલબ સરેરાશ દરરોજની એક વ્યકિત પોતાના જીવનથી કંટાળીને તેને ટુંકાવવાનો પ્રયાસ કરે છે.

પોલિસ તંત્રના તારણ મુજબ આત્મહત્યાના મુખ્ય કારણોમાં પ્રેમમાં નિષ્ફળતા, આર્થિક સંકડામણ, દેવું થઈ જવું, ઘરકંકાસ, માનસિક કે શારીરિક બિમારીથી કંટાળી જવું, પરીક્ષામાં નાપાસ થવાનો ડર લાગવો, ધાર્યા કરતા ઓછું પરિણામ આવવું અથવા મા-બાપ કે અંગત સ્નેહીજને ઠપકો આપવો વગેરે મુખ્ય છે. આ બધા કારણોમાંથી કોઈ એકાદ કારણ વ્યકિતને જયારે હતાશા કે ડિપ્રેશન તરફ ધકેલી દે અને જો તે વ્યકિત માનસિક તણાવ કે સ્ટ્રેસને નિયંત્રિત કે મેનેજ ના કરી શકે ત્યારે તે આત્મહત્યાનું પગલું ભરવા પ્રેરાય છે. વ્યકિતને જયારે આત્મહત્યા કરવાનો વિચાર આવે છે ત્યારે તે આવેગમાં હોય છે અને મોટે ભાગે તે આવેગ ક્ષણિક હોય છે આ સમયે જો તેને સ્નેહભરી હૂંફ કે સમયસરનું માર્ગદર્શન અથવા તેની આપવીતી સાંભળનાર કોઈ મળી જાય તો આત્મહત્યા ટળી શકે છે. વિદેશોમાં આવા સમયે મનોચિકિત્સકનો સંપર્ક સાધવામાં આવે છે પરંતુ આપણે ત્યાં મનોચિકિત્સકને મળવું મતલબ ‘હું ગાંડો થઈ ગયું છું?’ જેવી લઘુતાગ્રંથી અનુભવાય છે. ખરેખર તો જેમ તાવ આવે અને તમે દવા લો તેમ વ્યકિત વધુ પડતા તણાવ કે હતાશામાં આવે ત્યારે આ પ્રકારની સારવાર લેવી હિતાવહ જ નહી આજના સ્પર્ધાત્મક યુગમાં અનિવાર્ય બનતી જાય છે.

તાજેતરમાં અમદાવાદમાં એક તેજસ્વી વિદ્યાર્થીનીએ યુનિવર્સિટીના પરિણામના છબરડાને કારણે ભૂલથી ખોટું પરિણામ જાહેર થઈ જતા આત્મહત્યા કરી લીધી અને પછી તેનું પરિણામ સુધરીને અપેક્ષા મુજબ આવ્યું હતું. આ પ્રકારની ઘટના સૂચવે છે કે વિદ્યાર્થીઓમાં એક પરીક્ષાના પરિણામ બાબતે કેટલી હદે માનસિક તણાવ પ્રવર્તે છે. છબરડો કરનારની ભૂલ પણ અક્ષમ્ય નથી જ, તેના કારણે એક પરિવારે તેની વ્હાલસોયી દિકરી ગુમાવવી પડી છે, પરંતુ સાથોસાથ વિદ્યાર્થીનું માનસ પણ હતાશાને તાબે થઈ ખોટું પગલું ભરવા સુધી પહોંચી ના જાય તેટલી ધીરજ કેળવે તેવા આત્મવિશ્વાસથી ભરેલું હોવું જરૂરી છે. જો કે આજના યુગમાં સુપર મોમ કે સુપર ડેડ બનવાની વાલીઓની ઘેલછાંએ વાતવાતમાં બાળકને ઠપકો આપવો, શારીરિક શિક્ષા કરવી, કોઈ આકરી સજા કરવી કે બાળકનો ‘ઈમોશનલ બ્લેકમેઈલ’ કરવું એ સામાન્ય બનતું જાય છે. ઘણા મા-બાપ બાળકને પ્રોત્સાહિત કરવાના બહાને એટલી બધી લોભ-લાલચના ગાજર બતાવે છે કે જેને માટે પણ બાળક વધુ પડતું સ્પર્ધાત્મક બને છે અને પછી નિષ્ફળ જાય છે ત્યારે તે નિષ્ફળતાને પચાવી શકતું નથી. વધુ પડતા મોટા લક્ષ્યાંકો, મોટીવેશનના નામે ‘ઊંચું નિશાન’ રાખવું, સૂચનાઓનો અતિરેક અને એમાં પણ બોર્ડની પરીક્ષાઓ હોય ત્યારે આખુ વર્ષ બાળક રમવા કે નજીકના સગાના લગ્નપ્રસંગમાં પણ ના જઈ શકે તેવી રીતે અભ્યાસ કરાવવો અંતે તો બાળકને માનસિક તણાવ તરફ જ ધકેલે છે.

કોઈ પરીક્ષા જીવનની અંતિમ પરીક્ષા નથી તેટલી સમજ સાથે પરીક્ષાનું મહત્વ સમજાવાય તે બાળક માટે હિતાવહ છે બાકી માનસિક તણાવ અને પ્રેશરમાં રહેતું બાળક તેનો આત્મવિશ્વાસ ખોઈ બેસે, ખોટું બોલતું થઈ જાય, મા-બાપ જ તેને ઈરિટેટીંગ લાગે, વ્યસને કે કુછંદે ચઢી જાય, ગુનાહિત પ્રવૃત્તિ તરફ ધકેલાય, મનમાં ઘૃણા રાખતું થઈ જાય, એકલવાયું બની જાય વગેરે જેવી પરિસ્થિતિ સર્જાતા વાર નથી લાગતી. હવે તો કેન્દ્ર સરકારની એનસીઈઆરટી પણ અભ્યાસક્રમમાં સિલેબસ ૫૦ ટકા સુધી ઘટાડવા સુધીની દરખાસ્ત લઈને આવી રહી છે, જો કે આ દરખાસ્ત અમલમાં આવશે ત્યારે ખરી પરંતુ વાલીઓ બાળકોમાં જીવન પ્રત્યે આસ્થા ટકાવી રખવા જેવું વાતાવરણ બને તે મુજબ પોતાની અપેક્ષાઓ રાખે તે અત્યંત જરુરી છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

